ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટસ લાઈન

આ ટી-20 વર્લ્ડ કપમાં ભારત-ન્યુઝીલેન્ડની સફર

ભારતીય ટીમનું અત્યાર સુધીનું શાનદાર પ્રદર્શન:
-ગ્રુપ સ્ટેજ: ભારત ગ્રુપ 'એ' માં સામેલ હતું, જ્યાં તેણે શરૂઆતી તબક્કામાં અમેરિકા, નામિબિયા, પાકિસ્તાન અને નેધરલેન્ડને હરાવ્યું હતું.
-સુપર-8 માં પ્રવેશ: ભારત પોતાના ગ્રુપમાં ટોચના સ્થાને રહીને સુપર-8 રાઉન્ડમાં પહોંચ્યું હતું.
-સુપર-8: સુપર-8ની પ્રથમ મેચમાં ભારતનો દક્ષિણ આફ્રિકા સામે પરાજય થયો હતો, પરંતુ ત્યારબાદ ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝને હરાવીને સેમીફાઈનલમાં જગ્યા બનાવી હતી.
સેમીફાઈનલ: ભારતે સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડને રોમાંચક મુકાબલામાં 7 રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.
ન્યુઝીલેન્ડની સંઘર્ષમય સફર:
ગ્રુપ સ્ટેજ: ન્યુઝીલેન્ડની ટીમ ગ્રુપ 'ડી' માં હતી. તેણે અફઘાનિસ્તાન, યુએઈ અને કેનેડાને હરાવ્યા, પરંતુ દક્ષિણ આફ્રિકા સામે હારનો સામનો કરવો પડ્યો હતો.
સુપર-8: સુપર-8માં કિવિઝની પાકિસ્તાન સામેની પ્રથમ મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. બાદમાં શ્રીલંકાને હરાવીને દાવો મજબૂત કર્યા બાદ, ન્યુઝીલેન્ડ ઈંગ્લેન્ડ સામે હારી ગયું હતું. એક તબક્કે ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થવાની અણી પર હતી.
નસીબનો સાથ: પાકિસ્તાને ન્યુઝીલેન્ડને નેટ રન રેટના આધારે બહાર કરવા માટે શ્રીલંકાને 147 રન સુધી રોકવાનું હતું, પરંતુ તેમ ન થતા ન્યુઝીલેન્ડ સેમીફાઈનલમાં પહોંચવામાં સફળ રહ્યું.
સેમીફાઈનલ: સેમીફાઈનલમાં ન્યુઝીલેન્ડે એકતરફી અંદાજમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને બીજી વખત આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

સોશિયલ મીડિયામાં અક્ષરની બાપુ સાથે સરખામણી કરાઇ

ભારતે ઈંગ્લેન્ડને હરાવી ફાઈનલમાં પહોંચ્યા બાદ સોશિયલ મીડિયામાં અક્ષર પટેલની સરખામણી બાપુ સાથે કરાઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટમાં કહેવાયું હતું:
'અક્ષર પટેલ (ઉર્ફે બાપુ) સાચા અર્થમાં 'રાષ્ટ્રપિતા' છે!' કારણ કે:
- તેણે ફિલ 'સોલ્ટ'ને (મીઠું) કેચ કર્યો હતો (દાંડી કૂચની યાદ અપાવી!).
- તેણે બ્રિટિશરોના પ્રતીક સમાન યુનિયન 'જેક' (જેક્સ)ને ઉખાડી ફેંકવામાં મદદ કરી.
- તેણે અંગ્રેજોને અહિંસક રીતે (માત્ર બોલિંગથી) હરાવ્યા.
- આ 'બાપુ' ના કારણે જ આજે અંગ્રેજોએ ભારત (ટૂર્નામેન્ટ) છોડીને જવું પડી રહ્યું છે.
- દક્ષિણ આફ્રિકામાં રમતી વખતે (કામ કરતી વખતે) તેમને ટીમ (ટ્રેન) માંથી બહાર ફેંકવામાં આવ્યા હતા, અને હવે તેમણે ભારતને આઝાદ (જીતાડવા) કરવા માટે જોરદાર વાપસી કરી છે!

ઓલ ઈંગ્લેન્ડ ઓપન: લક્ષ્ય સેન કેનેડિયન ખેલાડીને હરાવી ફાઈનલમાં

કેમ્પ હોવા છતાં લક્ષ્ય સેને યોદ્ધા જેવી લડત બતાવી

લંડન. તા. 7: ઓલ ઈંગ્લેન્ડ ઓપન 2026ની સેમીફાઈનલમાં ભારતના લક્ષ્ય સેને અદભૂત લડાયક મિજાજ બતાવતા કેનેડાના વિક્ટર લાઈને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. શનિવારે રમાયેલી 97 મિનિટ લાંબી મેરેથોન મેચમાં લક્ષ્ય સેને 21-15, 18-21, 21-16થી વિજય મેળવ્યો હતો. નિર્ણાયક ગેમમાં ગંભીર સ્નાયુ ખેંચાણ (ક્રેમ્પ) છતાં લક્ષ્ય સેને હાર ન માની. એક તબક્કે અમ્પાયરે તેને રમત છોડી દેવા (રીટાયર હર્ટ) પણ પૂછ્યું હતું, પરંતુ ફિઝિયોની મદદ લીધા બાદ તેણે મેદાન પર પરત ફરીને શાનદાર સ્મેશ અને ડાઉન-ધ-લાઈન વિનર્સ ફટકારી જીત મેળવી હતી. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં લક્ષ્યની આ બીજી ફાઈનલ છે. હવે તેની નજર પ્રકાશ પાદુકોણ અને પુલેલા ગોપીચંદ બાદ આ ખિતાબ જીતનાર ત્રીજો ભારતીય બનવા પર છે. પી.વી. સિંધુએ પણ આ મેચની સરખામણી 2017ની તેની યાદગાર વર્લ્ડ ચેમ્પિયનશિપ ફાઈનલ સાથે કરી લક્ષ્યના વખાણ કર્યા છે.

આ પહેલાં તેણે ચીનના પૂર્વ ચેમ્પિયન લી શિફેંગને હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

મહિલા ટેસ્ટ: એનાબેલ સધરલેન્ડના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ભારત મુશ્કેલીમાં

ભારતના બીજી ઈનિંગમાં 6 વિકેટે 105 રન, હજુ પણ ઓસ્ટ્રેલિયાથી 20 રન પાછળ

સધરલેન્ડે પહેલાં સદી ફટકારી અને બાદમાં બે વિકેટ ઝડપી

પર્થ, તા. 7 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એનાબેલ સધરલેન્ડના શાનદાર શતક અને ત્યારબાદ બે મહત્વની વિકેટોના કારણે ભારતીય મહિલા ટીમ એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટના બીજા દિવસે મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. સધરલેન્ડની 129 રનની ઈનિંગની મદદથી ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં 323 રન બનાવી 125 રનની મજબૂત લીડ મેળવી હતી.

સધરલેન્ડે બેટિંગમાં દબદબો જાળવ્યા બાદ બોલિંગમાં હરમનપ્રીત કૌર અને જેમિમા રોડ્રિગ્સની વિકેટ ઝડપી ભારતીય બેટિંગ ક્રમની કમર તોડી નાખી હતી. બીજા દિવસના અંતે ભારત બીજી ઈનિંગમાં 105 રનમાં 6 વિકેટ ગુમાવી ચૂક્યું છે અને હજુ પણ ઓસ્ટ્રેલિયાથી 20 રન પાછળ છે. સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા અને જેમિમા સસ્તામાં આઉટ થતા ભારત બેકફૂટ પર આવી ગયું હતું. લુસી હેમિલ્ટને એક જ ઓવરમાં દીપ્તિ શર્મા અને રિચા ઘોષને આઉટ કરી ભારતને વધુ આંચકા આપ્યા હતા. અત્યારે પ્રતિકા રાવલ (43) અને સ્નેહ રાણા (14) ક્રિઝ પર છે. જો ભારત ત્રીજા દિવસે જલ્દી ઓલઆઉટ થશે તો ઓસ્ટ્રેલિયા માટે આ મેચ જીતવી આસાન બની જશે.

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ઈજા ગંભીર, પોર્ટુગલની આગામી મેચો ગુમાવી શકે છે

રિયાધ, તા, 7 (એપી): અલ-નાસરના કોચ જ્યોર્જ જીસસે ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ઈજા અંગે ચિંતાજનક ખુલાસો કર્યો છે. જીસસના જણાવ્યા અનુસાર, 41 વર્ષીય રોનાલ્ડોની હેમસ્ટ્રિંગની ઈજા ધારણા કરતાં વધુ ગંભીર છે. ગત સપ્તાહમાં સાઉદી પ્રો લીગમાં અલ-ફાયહા સામેની મેચ દરમિયાન રોનાલ્ડો લંગડાતા મેદાનની બહાર ગયો હતો. તબીબી તપાસ બાદ સ્પષ્ટ થયું છે કે રોનાલ્ડોને સ્નાયુઓમાં ખેંચાણને કારણે લાંબો આરામ અને સઘન સારવારની જરૂર છે. આ માટે તે સ્પેન જઈને પોતાના અંગત ફિઝિયોથેરાપિસ્ટ પાસે સારવાર કરાવશે. આ ગંભીર ઈજાને કારણે 28 માર્ચ અને 1 એપ્રિલના રોજ મેક્સિકો અને અમેરિકા સામે રમાનારી પોર્ટુગલની મૈત્રીપૂર્ણ મેચોમાં તેનું રમવું શંકાસ્પદ છે.

ઉલ્લેખનીય છે કે, રોનાલ્ડોએ આ સીઝનમાં 22 મેચમાં 21 ગોલ કરીને શાનદાર ફોર્મ બતાવ્યું હતું, પરંતુ હવે તેની ગેરહાજરી ટીમ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે.

ઈરાન યુદ્ધની અસર: ટી-20 વર્લ્ડકપમાંથી બહાર થયેલી ટીમો માટે ICCની ચાર્ટર ફ્લાઈટ્સ

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ સર્જાયેલી વૈશ્વિક વિમાની કટોકટી વચ્ચે, ભારત અને શ્રીલંકામાં રમાઈ રહેલા ટી-20 વર્લ્ડકપમાંથી બહાર થયેલી ટીમોની ઘરવાપસી માટે આઈસીસી (ICC)એ વિશેષ ચાર્ટર ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી છે. સેમીફાઈનલમાં ભારત સામે પરાજય પામેલી ઈંગ્લેન્ડની ટીમ શનિવારે સાંજે મુંબઈથી લંડન માટે સીધી ઉડાન ભરે તેવી શક્યતા છે. બીજી બાજુ દક્ષિણ આફ્રિકા અને વેસ્ટઈન્ડિઝની ટીમો હાલ કોલકાતામાં ફસાયેલી છે. આ બંને ટીમો માટે રવિવારે કોલકાતાથી એક અલગ ચાર્ટર ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિમાન સૌપ્રથમ જોહાનિસબર્ગ જશે, જ્યાંથી વેસ્ટઈન્ડિઝના ખેલાડીઓ એન્ટિગા માટે આગળ જશે. દક્ષિણ આફ્રિકાના અમુક ખેલાડીઓ અને મેનેજમેન્ટના સભ્યો આગામી સિરીઝ માટે કોલકાતાથી જ ન્યુઝીલેન્ડ માટે રવાના થશે. નોંધનીય છે કે, ખાડી દેશોમાં એર સ્પેસ પર પ્રતિબંધ હોવાને કારણે વેસ્ટઈન્ડિઝની ટીમ છેલ્લા ચાર દિવસથી કોલકાતામાં અટવાઈ હતી, જેને લઈને કોચ ડેરેન સેમીએ સોશિયલ મીડિયા પર નારાજગી પણ વ્યક્ત કરી હતી. જોકે, આઈસીસી અને ક્રિકેટ વેસ્ટઈન્ડિઝની ઉચ્ચ સ્તરીય બેઠક બાદ ખેલાડીઓની સુરક્ષિત ઘરવાપસીનો માર્ગ મોકળો થયો છે.

ફક્ત રૂ.-૮૦/- થી શરૂ
સત્ય ઘટના પર આધારિત
ધ કેરળ સ્ટોરી -2

* ઉલ્કા ગુપ્તા * આદિતિ ભાટીયા * ઐશ્વર્યા ઓઝા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
અંધશ્રદ્ધાના ઘેરા ઊંડાણની શોધ
ચરક

*અંજલી પાટીલ * શુભ્રત દત્તા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

માહે રમઝાન
રોઝો-18
તા. 08-03-2026
રવિવાર
ઈફતારીનો વક્ત: 6-50
રોઝો-19
તા. 09-03-2026
સોમવાર
સહેરીનો આખરી વક્ત: 5-29

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી
ટેન્ડર જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા. ૦૯-૦૩-૨૦૨૬થી જોવા મળશે. અને ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૮-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૨૩-૦૩-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૪-૦૩-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

અ. નં	યોજનાનુ નામ	કામનું નામ	ટેન્ડરની અંદાજિત રકમ	કોન્ટ્રાક્ટર ની શ્રેણી	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	નામદાર સરકારશ્રીની જીલ્લા આયોજન વર્ષ ૨૦૨૨-૨૩ (વિકેન્દ્રિત ગ્રાન્ટ)	વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ છીપવાડ ગરનાળા ખાતે ખુલ્લી સ્ટ્રોમ વોટર ડ્રેઈનને અપગ્રેડ કરવાનું તેમજ છીપવાડ ગરનાળાના પેવરબ્લોકની મરામત ના કામગીરી	રૂા.૬,૦૬,૩૧૮/- + ૧૮% GST	"E-2" અને ઉપરના	રૂા. ૧,૦૬૨/- અને રૂા.૭,૧૫૫/-

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા
પ્રમુખ
વલસાડ નગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૯૫૭/૨૦૨૬

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી
ટેન્ડર જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા. ૦૯-૦૩-૨૦૨૬થી જોવા મળશે. અને ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૮-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૨૩-૦૩-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૪-૦૩-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

અ. નં	યોજનાનુ નામ	કામનું નામ	ટેન્ડરની અંદાજિત રકમ	કોન્ટ્રાક્ટર ની શ્રેણી	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	નામદાર સરકારશ્રીની ૧૫મુ નાણાંપંચ ૨૦૨૩-૨૪ (અનટાઈડ) (પાંચમો પ્રયત્ન)	વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં : ૦૧ ખાતે શહિદ ચોક ચાર રસ્તા ખાતે સર્કલ બનાવવાનું કામ.	રૂા.૧,૪૭,૩૬૪/- + ૧૮% GST	"E-2" અને ઉપરના	રૂા. ૭૦૮/- અને રૂા.૧,૭૩૯/-

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા
પ્રમુખ
વલસાડ નગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૯૫૯/૨૦૨૬

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
કાર્યપાલક ઇજનેર શ્રી ની કચેરી,
કડોદરા (સં અને નિ) વિભાગીય કચેરી,
66 કે.વી. એસ.એસ. કમ્પાઉન્ડ, કડોદરા.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩
DGVCL DGVCL

વીજ પુરવઠો બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવાનું કે અગત્યની સમાર કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ ને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી પરબ	૧૧ કેવી ખોડીયાર ઇન્ડ	કડોદરા ૨	૧૯૧૨૩	૦૯.૦૩.૨૦૨૬/ સોમવાર	૧૦:૦૦ થી ૧૬:૦૦ કલાકે
૨	૬૬ કેવી સેવણી	૧૧ કેવો ગોપીન ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૧૧.૦૩.૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦ કલાકે

કાર્યપાલક ઇજનેર
વિભાગીય કચેરી, કડોદરા
એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

PRAJHANS®
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

સત્ય ઘટના પર આધારિત
ધ કેરળ સ્ટોરી-2
ઉલ્કા ગુપ્તા, આદિતિ ભાટીયા, ઐશ્વર્યા ઓઝા
૯.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૭.૩૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦
ઓ રોમિયો ૬.૦૦
શતક રાત્રે ૯.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007 : @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm

ધ કેરળ સ્ટોરી-2 ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૦૦, ૧.૨૦, ૨.૦૦, ૩.૨૦, ૫.૦૦, ૫.૪૫, ૭.૦૦, રાત્રે ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
ઓ રોમિયો ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૦, રાત્રે ૯.૨૫, ૧૦.૦૦, ૧૧.૦૦
દો દિવાને શહર મેં ૯.૨૦, ૨.૩૦, ૭.૨૫, રાત્રે ૧૦.૧૦
બેહદ ગુજરાતી : સવારે ૯.૩૦, રાત્રે ૮.૩૦
લગન લાગી રે ગુજરાતી : ૨.૦૦, ૫.૪૫, ૬.૨૦
ચરક ૯.૧૦, ૨.૩૫, ૭.૩૦, રાત્રે ૯.૪૦
શતક હિન્દી : ૧૨.૨૦, ૭.૩૦
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે ગુજરાતી : ૧૧.૨૫, ૫.૦૦
લાગણીનો મેળો ગુજરાતી : ૫.૪૫
મર્દાની-3 હિન્દી : ૪.૩૦
બોર્ડર-2 હિન્દી : ૨.૪૦, ૩.૫૦
હોપર્સ હિન્દી : ૧૨.૩૦, રાત્રે ૮.૧૦

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
વલસાડ શહેરી વિભાગીય કચેરી
કન્ટ્રી કલબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ-૩૯૬૦૦૭.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)
DGVCL

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. ઇનવેસ્ટા પંપ	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦	૦૯.૦૩.૨૦૨૬ (સોમવાર)	૦૯:૦૦ થી ૧૫:૦૦
૨	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. અનુપ	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦		
૩	૬૬ કે.વી. અટક પારડી	૧૧ કે.વી. આશા નાઇટ્રો	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭		
૪	૬૬ કે.વી. મગોદ	૧૧ કે.વી. મેહ	અતુલ	૬૩૫૭૬૦૫૬૯૧		
૫	૬૬ કે.વી. મગોદ	૧૧ કે.વી. સુરવાડા	અતુલ	૬૩૫૭૬૦૫૬૯૧		

નોંધ : સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.
કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.
એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

RAJ IMPERIAL
DOLBY ATMOS
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે INOX
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

સત્ય ઘટના પર આધારિત ધ કેરળ સ્ટોરી-2 ઉલ્કા ગુપ્તા, આદિતિ ભાટીયા, ઐશ્વર્યા ઓઝા ATMOS : 9.00 am, 10.00 am, 12.45 pm રેગ્યુલર : 9.20 pm
ઓ રોમિયો 10.05 am, 1.45 pm, 8.15 pm
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે ગુજરાતી : 9.40 am, 12.30 pm, 3.20 pm
હોપર્સ 3D હિન્દી : 11.00 am, 4.20 pm, 6.45 pm
અસ્સી 1.25 pm
દો દિવાને શહર મેં ATMOS : 3.30 pm
લગન લાગી રે ગુજરાતી : 1.55 pm
બોર્ડર-2 2.20 pm
મર્દાની-3 ATMOS : 11.30 am રેગ્યુલર : 5.25 pm
ચરક 11.10 am, 9.10 pm
ધુરંધર 5.20 pm
ઈન્ડીયા V/S ન્યુઝીલેન્ડ મેચ 6.30 pm

નીતીશકુમારના રાજીનામા અને NEET વિદ્યાર્થિનીના અપમૃત્યુ કેસ વચ્ચે શું સંબંધ છે

લગભગ વીસ વર્ષ સુધી બિહારના મુખ્ય મંત્રીપદ પર ચીટકી રહ્યા પછી નીતીશકુમારે રાજીનામું આપ્યું તેનું કારણ પડદા પાછળ બની ગયેલી કેટલીક ઘટનાઓ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બિહારના નિવૃત્ત આઈપીએસ અધિકારી અમિતાભ દાસે ગંભીર આરોપ લગાવ્યો છે કે નીતીશકુમારના પુત્ર નિશાંત કુમાર પટનામાં NEET ની પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થિનીના કથિત બળાત્કાર અને અપમૃત્યુ કેસમાં સંડોવાયા હોવાને કારણે નીતીશકુમારને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. મેડિકલ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહેલી NEET ની વિદ્યાર્થિની જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં પટનાના ચિત્રગુપ્ત નગરમાં એક ખાનગી કન્યા છાત્રાલયમાં તેના રૂમમાં બેભાન અવસ્થામાં મળી આવી હતી. તે પરીક્ષા માટે કોચિંગ મેળવવા માટે ત્યાં રહી હતી. ઘણા દિવસો સુધી કોમામાં રહ્યા બાદ ૧૧ જાન્યુઆરીના રોજ એક ખાનગી હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું. છોકરીના પરિવારે આરોપ લગાવ્યો કે તેના પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો અને અધિકારીઓ આ મામલો દબાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. શોકગ્રસ્ત માતા-પિતા, પરિવારના અન્ય ઘણા સભ્યો સાથે DGP ને મળવા ગયા હતા, પરંતુ ફક્ત માતાપિતાને જ તેમને મળવા દેવામાં આવ્યાં હતાં. બિહાર સરકારે વિદ્યાર્થિનીના જાતીય શોષણના આરોપો બાદ થયેલા મૃત્યુની CBI તપાસની ભલામણ કરી છે. રાજ્યના ગૃહ વિભાગે દિલ્હી સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (DSPE) એક્ટ હેઠળ CBI તપાસની ભલામણ કરતું એક જાહેરનામું બહાર પાડ્યું છે. કેન્દ્ર સરકારનો કર્મચારી અને તાલીમ વિભાગ (DoPT) એક જાહેરનામું બહાર પાડશે, જે CBI માટે રાજ્ય સંબંધિત કેસોની તપાસ કરવાનું ફરજિયાત છે. એજન્સીના અધિકારીઓ રાજ્ય પોલીસ દ્વારા મેળવેલા તમામ પુરાવા એકત્રિત કરશે અને શંકાસ્પદો, ધરપકડ કરાયેલ વ્યક્તિ, હોસ્પિટલ સ્ટાફ, પરિવારનાં સભ્યો અને પોલીસકર્મીઓનાં નિવેદનો પણ રેકોર્ડ કરશે, જેમણે શરૂઆતમાં કેસની તપાસ કરી હતી અને તેને આત્મહત્યાનો કેસ ગણાવ્યો હતો.

બિહારની રાજધાની પટનામાં હેડલાઇન્સમાં રહેલા એક કેસમાં શુક્રવારે સાંજે નવો વળાંક આવ્યો, જ્યારે પટના પોલીસે ભૂતપૂર્વ IPS અધિકારી અમિતાભ કુમાર દાસની ધરપકડ કરી હતી. પટનામાં NEET ના વિદ્યાર્થીના મૃત્યુ અંગે તેમણે અનેક વિવાદાસ્પદ અને ભડકાઉ નિવેદનો આપ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી, જેની સામે પોલીસે ચિત્રગુપ્ત નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને કેસ નોંધ્યો હતો. પોલીસે અમિતાભ દાસના નિવાસસ્થાને પણ મોટો દરોડો પાડ્યો હતો, જેમાં અનેક દસ્તાવેજો અને સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. ભૂતપૂર્વ IPS અધિકારી અમિતાભ દાસે ખુલ્લેઆમ આરોપ લગાવ્યો હતો કે વિધાનસભાના નેતા અને મુખ્ય મંત્રી નીતીશકુમારના પુત્ર નિશાંતકુમાર આ કેસમાં સંડોવાયેલા હોઈ શકે છે અને સત્યને ઉજાગર કરવા માટે તેમનો DNA ટેસ્ટ જરૂરી છે. આ આરોપે રાજકીય અને ન્યાયિક બંને રીતે નોંધપાત્ર વિવાદ અને પ્રતિક્રિયાઓ ઊભી કરી હતી. પોલીસે તેમના નિવેદનને ઉશ્કેરણીજનક અને તપાસને પ્રભાવિત કરનાર તરીકે ફગાવી દીધું હતું અને ત્યાર બાદ તેમની સામે FIR દાખલ કરી હતી.

નીતીશકુમારનાં રાજીનામાં પછી આખા દેશની નજર આ કેસની ગતિવિધિ ઉપર મંડાણી છે. પોલીસના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થિની ૫ જાન્યુઆરીએ જહાનાબાદથી મુન્નાચક સ્થિત હોસ્ટેલમાં રહેવા આવી હતી. ૬ જાન્યુઆરીએ તે તેની રૂમમાં બેભાન હાલતમાં મળી આવી હતી અને ત